પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૦૫ | ૨૪ જુન, ૨૦૨૩, શનિવાર; અષાઢ સુદ - ૦૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારત-અમેરિકા મહાન લોકતાંત્રિક દેશ : મોદી

## વડાપ્રધાને અમેરિકન કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધન કર્યું : અમેરિકી સંસદને સંબોધન કરવું હંમેશા ગર્વની વાત : સંબોધન દરમિયાન તેમણે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસની પણ પ્રશંસા કરી : ભારત-અમેરિકાની મિત્રતા ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા એવી ને એવી જ રહી હોવાનો વડાપ્રધાન મોદીનો દાવો

વોશિંગ્ટન, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની મુલાકાતે છે. ત્યારે તેમની પ્રથમ રાજ્ય મુલાકાત દરમિયાન અમેરિકન કોંગ્રેસના સંયુક્ત સત્રને બપોરે સંબોધન કર્યું હતું. યુએસ કોંગ્રેસમાં પીએમ મોદીએ બીજી વખત સંબોધન કર્યું હતું . આ પહેલા વડાપ્રધાન મોદીએ ૨૦૧૬માં યુએસ સંસદમાં ભાષણ આપ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે અમેરિકી સંસદને સંબોધિત કરી હતી. પીએમએ સંબોધન દરમિયાન તેમણે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસની પણ પ્રશંસા કરી હતી. આ ઉપરાંત તેમણે કહ્યું કે અમેરિકી સંસદને સંબોધન કરવું હંમેશા ગર્વની વાત છે. આ એક અસાધારણ સન્માન છે. પીએમ મોદીએ ગઈકાલે ભારતીય સમય અનુસાર ગઈકાલે મોડી રાત્રે અમેરિકન કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધન કર્યું હતું. અમેરિકી સંસદમાં પીએમ મોદી બોલ્યા હતા કે ભારત લોકતંત્રની જનની છે.

મોદીએ કહ્યું સાત વર્ષમાં ઘણું બદલાઈ ગયું છે પરંતુ ભારત-અમેરિકાની મિત્રતા ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા એવી ને એવી જ રહી. પીએમે ભારત



સાથેના અમેરિકાના સંબંધોની તુલના એઆઈએટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે કરી હતી અને કહ્યું કે હવે બંને દેશો વચ્ચે વિશ્વાસની મિત્રતા છે અને વિશ્વાસ વધ્યો છે. આ ઉપરાંત મોદીએ કહ્યું હતું કે ભારત અને અમેરિકા બંને મહાન લોકતાંત્રિક દેશ છે. બંને દેશોના ગાઢ સંબંધો છે. અમેરિકાના વિકાસમાં ભારતીયોનો પણ ફાળો છે. તેણે કહ્યું, હું સમજું છું કે યુએસ સ્પીકર માટે આ કામ સરળ નહીં હોય. પીએમ મોદીએ કહ્યું કે ૨૦૦ વર્ષથી અમે પરસ્પર વિશ્વાસ વધાર્યો છે. ભારત-અમેરિકાના સંબંધો પર મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યુથરનો પ્રભાવ છે. બે સદીઓથી અમે એકબીજાને પ્રભાવિત કર્યા છે. ભારત અને અમેરિકા માટે લોકશાહી મૂલ્યો મહત્વપૂર્ણ છે. લોકશાહી સમાનતા અને સન્માનની એક પ્રતીક છે.

વડાપ્રધાન મોદીએ યુક્રેન સંકટ પર ચિંતા વ્યક્ત કરી હતી. આ સાથે તેણે ચીન અને પાકિસ્તાનનું નામ લીધા વિના બંને દેશો પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે ગ્લોબલાઈઝેશનનો એક ગેરફાયદો એ છે કે સપ્લાય ચેઈન સીમિત થઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ક્લાઉડ સીડિંગ દ્વારા વરસાદ પાડવામાં આઈઆઈટી કાનપુરે મોટી સફળતા મેળવી

## IIT કાનપુરે નવી ટેક્નોલોજીથી વરસાદનું સફળ ટેસ્ટિંગ કર્યું : હવે ટેક્નોલોજીથી વરસાદ પાડી શકાશે

કાનપુર, તા.૨૩

દેશમાં હવે તે દિવસો દુર નથી... કે જ્યારે વરસાદ નહીં હોય તો ટેકનોલોજી દ્વારા પણ વરસાદ પાડી શકાશે, કારણ કે આવું જ એક કારનામું આઈઆઈટી કાનપુર દ્વારા સામે આવ્યું છે.

દેશની દિગ્ગજ આઈઆઈટીયુનિવર્સિટી કાનપુરે નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરી વરસાદનું સફળ ટેસ્ટિંગ કર્યું છે. ક્લાઉડ સીડિંગ દ્વારા વરસાદ પાડવામાં આઈઆઈટી કાનપુરે મોટી સફળતા મેળવી છે.

આઈઆઈટીકાનપુરે ક્લાઉટ સીડિંગ દ્વારા એક ઉડ્ડયનનું સફળ પરીક્ષણ કર્યું છે. આઈઆઈટીકાનપુર દ્વારા નિવેદનમાં જણાવાયું કે, સંસ્થા દ્વારા ગત ૨૧મી જૂને ક્લાઉટ સીડિંગ માટે એક ટેસ્ટિંગનું આયોજન કર્યું... થોડા વર્ષો પહેલાં જ આઈઆઈટીકાનપુરમાં આ પ્રોજેક્ટ પર કામ શરૂ કરવામાં આવ્યું હતું અને કોમ્પ્યુટર વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગના

● અનુસંધાન પાન-૭ પર

# દેશની ૧૧ ફાર્મા કંપનીઓને ઉત્પાદન બંધ કરવા આદેશ

## વિદેશોમાં ભારતીય કંપનીઓ પર સવાલો થતાં સરકાર જાગી : બે ફાર્મા કંપની બંધ : છેલ્લા ૬ મહિનાઓમાં દેશની ૧૩૪ દવા કંપનીઓ પર નિરિક્ષણ કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૨૩

વિદેશોમાં ભારતીય કંપનીઓ પર અનેક સવાલો ઉભા થયા પછી કેન્દ્ર સરકાર સફાળી જાગી કાર્યવાહી શરુ કરી છે. સરકાર તરફથી દવાઓની ગુણવતા ચકાસવાને લઈને એક નવું અભિયાન શરુ કરવામાં આવ્યું છે. છેલ્લા ૬ મહિનાઓમાં દેશની ૧૩૪ દવા કંપનીઓ પર નિરિક્ષણ કરવામાં આવ્યું છે. સરકાર તરફથી સૌથી મોટી કાર્યવાહી હિમાચલ પ્રદેશમાં કરવામાં આવી છે હિમાચલ પ્રદેશમાં અત્યાર સુધી ૨૬ કંપનીઓને કારણ બતાવો નોટીસ આપવામાં આવી છે. તો ૧૧

● અનુસંધાન પાન-૭ પર

# ગગનયાનનું પહેલું અબોર્ટ મિશન ઓગસ્ટમાં લોન્ચ થશે

## ISRO ઇતિહાસ રચવા તૈયાર : ક્રૂ મોડ્યુલ અને ક્રૂ એસ્કેપ સિસ્ટમની એસેમ્બલી હાલમાં તૈયારી હેઠળ છે

નવી દિલ્હી, તા.૨૩

ભારતીય અવકાશ સંશોધન સંસ્થાના અધ્યક્ષ એસ. સોમનાથે કહ્યું કે ગગનયાન માટે સૌથી પહેલું અને સૌથી મહત્ત્વનું એ છે કે અધૂરા મિશનને પાર પાડવું. તેના માટે અમે પરિક્ષા વાહન નામનું નવું રોકેટ બનાવ્યું છે જે શ્રીહરિકોટામાં તૈયાર છે. ક્રૂ મોડ્યુલ અને ક્રૂ એસ્કેપ સિસ્ટમની એસેમ્બલી હાલમાં તૈયારી હેઠળ છે. બીજું મિશન આવતા વર્ષે એટલે કે ૨૦૨૪માં લોન્ચ કરવામાં આવશે. ભારતની પ્રથમ માનવરહિત અવકાશ ઉડાન ગગનયાન માટેનું મિશન આ વર્ષના ઓગસ્ટના અંતમાં થશે જ્યારે માનવરહિત મિશન આવતા વર્ષે ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ

● અનુસંધાન પાન-૭ પર

# પટનામાં રચાયું નવું વિપક્ષી રાજકીય ગઠબંધન

## બિહારના પાટનગરમાં સત્તાધારી પક્ષ સામે વિપક્ષનું રણશિંગુ : લોકસભા ચૂંટણી સાથે મળીને લડવા વિપક્ષો સંમત, આગામી બેઠક શિમલામાં : બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની પહેલ પર ૪ કલાકની બેઠક બાદ વિપક્ષોએ એકતાનો દાવો કર્યો, દિગ્ગજ વિપક્ષી નેતાઓ ભાજપ સામે આકરા પાણીએ

પટના, તા.૨૩

રાજધાની પટનામાં મુખ્યમંત્રી આવાસ પર શુક્રવારે યોજાયેલી બેઠક લગભગ ચાર કલાક સુધી ચાલી હતી. આ બેઠકને લઈને જે માહિતી સામે આવી છે તે મુજબ નીતિશ કુમારને વિપક્ષી એકતાના સંયોજક બનાવવામાં આવી શકે છે. વિપક્ષો આગામી લોકસભાની ચૂંટણી સાથે મળીને લડવા તૈયાર થયા છે.

આ બેઠકમાં રાહુલ ગાંધી, મમતા બેનર્જી, અરવિંદ કેજરીવાલ, મહેબૂબા મુફ્તી, શરદ પવાર, મલ્લિકાર્જુન ખડગે, ઉદ્ધવ ઠાકરે, સુપ્રિયા સુલે, અખિલેશ યાદવ, અજિત પવાર, ભગવંત માન, રાઘવ ચઢ્ઢા, એમકે સ્ટાલિન, હેમંતસોરેન સહિત લગભગ ૧૫ પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા.

વિપક્ષી પાર્ટીઓની પ્રેસ કોન્ફરન્સમાં સૌથી પહેલા લાલુ યાદવ અને શરદ પવાર પહોંચ્યા હતા. તેમની સાથે સુપ્રિયા સુલે પણ



હાજર હતાં. આ પછી મહેબૂબા મુફ્તી અને અન્ય નેતાઓ મંચ પર પહોંચ્યા. જો કે આ દરમિયાન અરવિંદ કેજરીવાલ અને એમકે સ્ટાલિન હાજર ન હતા. તે પોતાના વતન જવા રવાના થયા હતા.

પ્રેસ કોન્ફરન્સમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું કે સાથે મળીને ચૂંટણી લડવા માટે સમજૂતી થઈ ગઈ છે. આગામી બેઠક થોડા દિવસોમાં શિમલામાં યોજાશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતના પાયા પર હુમલો થઈ રહ્યો છે. ભાજપ ઈતિહાસ, સંસ્થાન પર હુમલો કરી રહી છે. આ વિચારધારાની લડાઈ છે. અમે નક્કી કર્યું છે કે અમે સાથે મળીને કામ કરીશું. અમે અમારી વિચારધારાની રક્ષા કરીશું. તેમણે એમ પણ કહ્યું કે નાના-મોટા મતભેદો હશે.

# યુએસ કોંગ્રેસમાં મોદી છવાયા, ઓટોગ્રાફ-સેલ્ફી માટે પડાપડી

## કેમ્પસમાં 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારા

વોશિંગ્ટન, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ બીજી વખત યુએસ કોંગ્રેસને સંબોધન કર્યું હતું. તેમનું ભાષણ લગભગ એક કલાક લાંબું હતું, અને તેમાં ઘણા ધારાશાસ્ત્રીઓ અને ભારતીય-અમેરિકન સમુદાયે હાજરી આપી હતી. યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધન દરમિયાન મોદી વિવિધ મુખ્ય મુદ્દાઓ પર વાત કરી હતી. જાણકારી માટે કે ૨૦૧૬માં તેમણે લગભગ ૪૫ મિનિટનું ભાષણ આપ્યું હતું.

પીએમ મોદીએ પોતાનું સંબોધન પૂરું કરતાની સાથે જ અમેરિકાના કેટલાક ધારાસભ્યો તેમની સાથે વાતચીત કરવા, તેમનો ઓટોગ્રાફ લેવા અને સેલ્ફી લેવા દોડતા જોવા મળ્યા હતા. આ દરમિયાન કેમ્પસ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારાથી ગુંજી ઉઠ્યું હતું. પીએમ મોદી પાસેથી ઓટોગ્રાફ માંગનારાઓમાં યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવના સ્પીકર કેવિન મેકકાર્થી પણ સામેલ હતા. પીએમ મોદીએ યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધિત કરવાની મંજૂરી આપવા બદલ મેકકાર્થીનો આભાર માન્યો હતો.

# કૂપવારામાં ઘૂસણખોરીનો પ્રયાસ કરતા ૪ આતંકી ઠાર

## કાશ્મીરમાં આતંકીઓ સામેની સેનાની કાર્યવાહી : એક સપ્તાહમાં અત્યાર સુધી કુલ ૯ આતંકીઓને ઠાર મરાયા

જમ્મુ, તા.૨૩

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ સુરક્ષાદળોની કાર્યવાહી યથાવત્ છે. કૂપવારામાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા ૪ આતંકીઓને ઠાર મરાયાની માહિતી મળી રહી છે. અહેવાલ અનુસાર અમુક દિવસ પહેલાં જ કાશ્મીરમાં સુરક્ષાદળોએ ૫ આતંકીઓને ઠાર માર્યા હતા. તેની સાથે જ એક સપ્તાહમાં અત્યાર સુધી કુલ ૯ આતંકીઓને ઠાર મરાયા છે. જોકે હવે ભારતીય સેના અને પોલીસના સંયુક્ત અભિયાનમાં વધુ ૪ ઘૂસણખોરોને ઠાર મરાયાની માહિતી મળી છે.

ગઈલકો જમ્મુ-કાશ્મીરની પોલીસની વિશેષ તપાસ યુનિટે અનંતનાગ જિલ્લામાં લશ્કર-એ-તોયબાના એક આતંકવાદીના સહયોગીના ઘરને ટાંચમાં લીધું હતું.






# સેન્સેક્સ ૨૦૦ પોઈન્ટ ગગડ્યો અને નિફ્ટી ૧૮૭૦૦ પર બંધ

મુંબઈ, તા.૨૩

એશિયન બજારોમાં નબળા વલણ અને તાજા વિદેશી ભંડોળના પ્રવાહને કારણે, ભારતીય સ્થાનિક શેરબજાર શુક્રવારે ઘટાડા સાથે બંધ થયું. ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૨૦૦ પોઈન્ટ ઘટીને ૧૮૭૦૦ ના સ્તર ની નીચે બંધ થયા છે. મીડિયા અને મેટલને લગતા શેરોમાં ઘટાડો થયો. આઈસીઆઈસીઆઈસિક્યોરિટીઝ, નેટકોફાર્મા ટોપ ગેનર્સમાં સ્થાન મેળવ્યું હતું. જ્યારે અદાણીના શેર તૂટતા જોવા મળ્યા હતા.

એશિયાઈ બજારો સિયોલ, ટોક્યો, શાંઘાઈ અને હોંગકોંગ ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા હતા, જે વાસ્તવમાં શુક્રવારે ભારતીય શેરબજારમાં પતન તરીકે જોવામાં આવ્યું હતું. ઈક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો શુક્રવારે શરૂઆતના વેપારમાં ઘટ્યા હતા, જે આગલા દિવસના ઘટાડા સાથે વધુ ઉમેરે છે. વધતા વૈશ્વિક વ્યાજદરોએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટમાં ઘટાડો કર્યો છે. તાજેતરની તેજી પછી પ્રોફિટ-બુકિંગ વચ્ચે પણ બજાર ઘટ્યું હતું.

બીએસઈ સેન્સેક્સ ૨૫૯.૫૨ પોઈન્ટ અથવા ૦.૪૧% ઘટીને ૬૨,૯૭૯.૩૭ પર બંધ થયો હતો. જ્યારે એનએસઈનિફ્ટી ૧૦૫.૭૫ પોઈન્ટ અથવા ૦.૫૬% ના ઘટાડા સાથે ૧૮,૬૬૫.૫૦ ના સ્તર પર બંધ થયો.

૩૦ શેરના સેન્સેક્સ પેકમાં ૨૨ શેરો લાલ નિશાન સાથે બંધ થયા હતા, જેમાં ટેક મહિન્દ્રા,

● અનુસંધાન પાન-૭ પર


**ફ્લેટ વેચવાનો છે**

સેક્ટર-૨૯માં ચ-૭ સર્કલની પાસે, 2 BHK ગ્રાઉન્ડ ફ્લોર ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે. પ્લોટ નં. ૧૯૯, ફ્લેટ નં.૧, સેક્ટર-૨૯, ગાંધીનગર

મો. ૯૭૨૩૦ ૨૫૮૭૯

**કાચબો ખોવાયેલ છે**

તા. ૧૯/૬/૨૦૨૩ના રોજ સાંજે ૬ વાગ્યે કેટેગરી-૨, સેક્ટર-૨૩ ખાતે નિકળી ગયેલ છે. જે કોઈ વ્યક્તિને મળે તો જાણ કરવા વિનંતી છે.

મો. ૯૫૭૪૩ ૭૬૦૬૪
મો. ૯૬૨૪૯ ૮૨૯૮૬

